RTE પ્રવેશ/અગત્યનું/સમયમર્યાદા

જા.ન/પ્રાથમિક/RTE/૨૦૨૧/ 11515

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૦૩/૦૮/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગર પાલિકા વિસ્તારની બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ,

વિષય:- RTE અંતર્ગત વર્ષ-૨૦૨૧-૨૨ માટે પ્રથમ રાઉન્ડનાં પ્રવેશની ફાળવણીની કામગીરી પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ:-૧. શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:ખપશ/૧૧૨૦૨૦/સિ.ફા..૦૬/ચ તા.૦૪/૦૮/૨૦૨૦.
૨. આ કચેરીનાં પત્રાંક:પ્રાથમિક/RTE/૨૦૨૧/૧૦૭૨૬ તા.૨૭/૦૭/૨૦૨૧
૩. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણનિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્રાંક:પ્રા.શિ.નિ/RTE/૨૦૨૧/૧૦૧૪-૫૮ તા.૨૭/૭/૨૦૨૧.

જય ભારતસહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, RTE અંતર્ગત મફત પ્રવેશ વર્ષ:-૨૦૨૧-૨૨ માટે પ્રથમ રાઉન્ડમાં કાયમી પ્રવેશ ફાળવણી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા તા.૨૭/૦૭/૨૦૨૧ નાં રોજ ઓનલાઈન ફાળવવામાં આવેલ છે. જે શાળામાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવે તેવી શાળાઓએ મફત પ્રવેશ અંગેની કામગીરી તા.૦૪/૦૮/૨૦૨૧ સુધીમાં બિનચૂક પૂર્ણ કરવાની રહેશે. ઓનલાઈન ફાળવેલ પ્રવેશની પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય તે માટે સંદર્ભ-૨ અને સંદર્ભ-૩ માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવે છે. જેની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

આપની શાળામાં પ્રવેશ માટે વિદ્યાર્થી અને વાલી આવે ત્યારે તેમને સંપૂર્ણ સાથ સહકાર આપવાનો રહેશે અને વિના વિલંબે પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. RTE હેઠળ ફાળવેલ વિદ્યાર્થી કે તેમના વાલી પાસેથી કોઈ પણ પ્રકારની ફી વસુલ કરવાની નથી. RTE હેઠળ પ્રવેશની જોગવાઈ તમામ શાળાઓને (લઘુમતી શાળાઓ સિવાય) લાગુ પડતી હોવાથી પ્રવેશ માટે કોઈ પણ શાળા ના પાડી શકશે નહિ. જેની નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત